**ક્રિમીનલ કેસ નં.____________________**

**<u>આંક – ૧ હેઠળ હુકમ</u>**

૧. સાંભળ્યા. એ.પી.પી.શ્રી તરફે રજુ થયેલ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૧ મુજબની કેસ વિડ્રો કરવા અંગેની પુરચીસ તેમજ જીલ્લા કલેકટરશ્રીનો હુકમ નં.ઈ.સી/આર્મ્સ/વશી નં.૧૧૨૯/૧૯, તા.૦૯/૦૭/૨૦૧૯ નો વંચાણે લીધો.

૨. સદર કેસનું વંચાણે લેતાં કેસ ઘણો જુનો છે અને પુરતો પ્રયત્નો કરવા છતાં આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકતી નથી. આમ, આરોપીની ટ્રાયલ માટે હાજરી સુનિશ્ચિત કરી શકાય તેમ જણાઈ આવતું નથી.

૩. એ.પી.પી.શ્રીએ રજુ કરેલ પુરચીસ દયાને લેતાં તેઓએ જણાવેલ છે કે સદર કેસ ઘણો જુનો છે તેમજ આરોપીની હાજરી સુનિશ્ચિત થઈ શકે તેમ નથી. વધુમાં, તેઓને કલેકટરશ્રી તરફથી સદર કેસ પરત ખેચવા આદેશ થયેલ હોઈ, ક્રિ.પ્રો.કોડની કલમ–૩૨૧ મુજબ કેસ પરત ખેચવા પરવાનગી આપવા જણાવેલ છે.

૪. ઉપરોકત સંજોગોમાં આ કામના આરોપીની હાજરી સુનિશ્ચિત થઈ શકે તેમ ન હોઈ તેમજ કલેકટરશ્રીએ પણ સદર કેસ પરત ખેચવા આદેશ કરેલ હોવાથી એ.પી.પી.શ્રીએ હાલની પુરચીસ રજુ કરેલ છે. તે સંજોગોમાં, એ.પી.પી.શ્રીને સદર કેસ પરત ખેચવા પરવાનગી આપવામાં આવે છે અને તે મુજબ હાલનો કેસ ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. સદર કામમાં મુદ્દામાલ હોઈ તો અપીલ સમય વિત્યે નાશ કરવો.

૬. જો મુદ્દામાલ રોકડ હોઈ તો સરકાર જમા કરાવવો.

હુકમ આજરોજ તા. 13 માહે જુલાઇ સન–2019 ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

વડોદરા.
તા. 13.07.2019

(પી.પી.પટેલ)
એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
(કોડ નં. જી.જે.૦૦૯૪૨)